સ્પે.એટ્રો. કેસ નંબરઃ– 14/2020
આંક –53

| સ્પે.એટ્રો. કેસ નંબરઃ– 14/2020 | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | 2 | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | રણછોડભાઈ પદમાભાઈ ગલચર | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | NO |
| ઉંમર આશરે | ૭૦ | વરસની | ધંધો | ખેતી |
| રહેવાનુ | રવી તા.ધાનેરા | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | એસ.કે.જોષી |

(૧) આજથી પાંચેક વર્ષ પહેલા પોલીસે અમોને રવી ગામે પંચમાં બોલાવેલા અને અમારી સાથે બીજા અજાભાઈ સવાજી ગલચર હાજર હતા. પોલીસે અમારી હાજરીમાં પંચનામુ કરેલું. સદર જગ્યાએ પ્રેમાભાઈ હાજર હતા. તેઓએ ગુનાવાળી જગ્યા બતાવી. સદર જગ્યાની ઉત્તર બાજુએ ફેન્સીંગ વાડ હતી તથા બે લીમડા અને આગળ તળાવ હતું. દક્ષિણ બાજુ બાજુએ ધાર્મીક જગ્યા હતી. પૂર્વ બાજુ બાપલા તરફ જવાનો રસ્તો હતો. પશ્ચિમ બાજુ ડેપો હતો. આ સિવાય બીજા કોઈ સરકારી માણસ હાજર ન હતા. પોલીસે સદર જગ્યાએ એક પત્થર ઉપર કાગળ ઘસીને લીધેલ. જે કાગળ પોલીસે તપાસ અર્થે કબજે કરેલ. મને માર્ક:૩૨/ક્વાળું ગુનાવાળી જગ્યાનું પંચનામુ બતાવવામાં આવે છે, જેમાં મારી સહી છે અને બીજા પંચ તરીકે અજાભાઈ સવાજી ગલચરનું અંગુઠાનું નિશાન છે, જે હું ઓળખી બતાવુ છુ, જે રજુ દાખલ **આંક:૫૪** આપવામાં આવે છે.

મને માર્ક: એ વાળી પ્લાસ્ટિકની સીલબંધ ડબ્બી નામ.કોર્ટ તથા પક્ષકારોની હાજરીમાં ખોલી બતાવવામાં આવે છે, જે ડબ્બી અમારી હાજરીમાં પેક કરેલી, જેમાંથી નીકળેલ કાપલી મને બતાવવામાં આવે છે, જેમાં મારી સહી છે તથા બીજા પંચ તરીકે અજાભાઈ સવાજી ગલચરની સહી છે, જે ઓળખી બતાવુ છુ, જે રજુ દાખલ **આંક:૫૫** આપવામાં આવે છે.

મને માર્ક: એ–૧ વાળી પ્લાસ્ટિકની સીલબંધ ડબ્બી નામ.કોર્ટ તથા પક્ષકારોની હાજરીમાં ખોલી બતાવવામાં આવે છે, જે ડબ્બી અમારી હાજરીમાં પેક કરેલી, જેમાંથી નીકળેલ કાપલી મને બતાવવામાં આવે છે, જેમાં મારી સહી છે તથા બીજા પંચ તરીકે અજાભાઈ સવાજી ગલચરની સહી છે, જે ઓળખી બતાવુ છુ, જે રજુ દાખલ **આંક:૫૬** આપવામાં આવે છે.

**સરતપાસ પુરી.**

સાહેદની સહી............................

**<u>આરોપી તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી. એમ.આર.ચૌધરી</u>**

(૨) એ વાત ખરી છે કે નાની રવીથી ખીંમત તરફ જતા પાકા રોડથી પૂર્વ–પશ્ચિમ પશ્ચિમ તરફ રવી ગામ તરફ જતો જાહેર રસ્તો આવેલો છે. એ વાત ખરી છે કે આ રસ્તાની દક્ષિણે શંકર ભગવાનનું મંદિર આવેલુ છે. એ વાત ખરી છે કે આ મંદિરની સામે ઉત્તર બાજુ રસ્તો છોડીને પીક–અપ બસસ્ટેન્ડ આવેલુ છે. એ વાત ખરી છે કે આ પીકઅપ સ્ટેન્ડથી આથમણી બાજુ ગામ તરફ સરકારી હોસ્પિટલ આવેલી છે. એ વાત ખરી છે કે તે પછી ગામ તરફ આગળ જતા ગલચર(અમારો) મહોલ્લો શરૂ થાય છે. એ વાત ખરી છે કે આ મંદિરથી આગળ ગામ તરફ જતા રસ્તાની દક્ષિણ દિશાએ હરીજન શાંતીભાઈ વીરાભાઈ તથા રબારી અને કોળી લોકોના મકાનો આવેલા છે. એ વાત ખરી છે કે મુખ્ય રસ્તો પશ્ચિમ તરફ ગામ બાજુ આગળ જાય છે અને આ રસ્તામાંથી એક રસ્તો ઉત્તર તરફ ગલચરોના મહોલ્લામાં જાય છે. એ વાત ખરી છે કે આ રસ્તો ઉતર તરફ આગળ જઈ પૂર્વ બાજુ જાય છે. એ વાત ખરી છે કે આ રસ્તો સાંકડો રસ્તો છે. એ વાત ખરી છે કે આ રસ્તો આગળ ઓખાભાઈ જેઠાભાઈના ઘર આગળ પુરો થઈ જાય છે. એ વાત ખરી છે કે આ રસ્તા ઉપર મોટા સાધનો જઈ શકે તેમ નથી. એ વાત ખરી છે કે અમારા વાસમાંથી કોઈ સાધન માટે આવવુ હોય તો મુખ્ય રસ્તા ઉપર આવવુ પડે. એ વાત ખરી છે કે અમારા વાસના રસ્તામાં સાધન આવી શકે તેમ નથી. એ વાત ખરી છે કે અમે ગયા ત્યાં પોલીસે લખાણ કરેલુ અને અંગુઠો કરેલો.

**વિશેષ ઉલટતપાસ નથી,**
**ફેર ઉલટતપાસ નથી.**
**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

.........................................

સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. 10/11/2025 | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>સ્પે.જજ એટ્રો, ડીસા |

સાહેદની સહી............................